Extra No. 294

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette
EXTRAORDINARY
[PUBLISHED BY AUTHORITY]

Vol. LXVI] **MONDAY, AUGUST 18, 2025 / SRAVANA 27, 1947**

Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

PART -I
SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

વંચાણે લીધા :-

● અત્રેની કચેરીના હુકમ ક્રમાંકઃ પીઓએલ/જાહેરનામું/વશી/૫૩૦-૫૪૯/૨૦૨૦, તા.૨૫/૦૨/૨૦૨૦

જાહેરનામું

ગુજરાત પોલીસ અધિનિયમ - ૧૯૫૧ની કલમ - ૩૭(૪) અન્વયે.

ક્રમાંકઃ એમએજી/જાહેરનામું/વશી/૧૦૦૯૦ થી ૧૦૧૨૪/૨૦૨૫.– જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી, નર્મદાના કાર્યક્ષેત્ર હેઠળના વિસ્તારમાં આવતી કચેરીઓ જેવી કે, જિલ્લા સેવા સદન, જિલ્લા ન્યાયાલય સંકુલ, જિલ્લા પંચાયત કચેરી, સહાયક પ્રાદેશિક વાહનવ્યવહાર અધિકારીની કચેરી વિગેરેમાં જાહેર જનતાને લગતી કામગીરી કરવામાં આવે છે. આ સિવાયની અન્ય સરકારી કચેરીઓમાં પણ રોજે-રોજ મોટા પ્રમાણમાં જાહેર જનતા પોતાના કામ માટે આવતી હોય છે. તાજેતર માં કેટલાક બનાવો પરથી ઉકત તમામ કચેરીની આસપાસ તથા નજીકના સ્થળે કેટલાક ઈસમો એકલા અથવા ટોળી બનાવીને જાહેર જનતાની છેતરપીંડી કરી પૈસા પડાવે છે અથવા તો ગેરકાયદેસર પ્રવૃતિ કરી ઉલટી સીધી વાતો કરી જાહેર જનતાને ભોળવીને કે ગેરમાર્ગે દોરી કામ કરાવવા કે તેવી રીતે લલચાવીને કે ગેરમાર્ગે દોરીને વચેટીયા તરીકે કામ કરાવી આપવાનું જણાવતા અનઅધિકૃત વચેટીયા તરીકે કામ કરવા ઈરાદો રાખતા આવા વ્યક્તિ / ઈસમો પ્રવૃત્તિ કરી રહેલ હોવાનું જણાઈ આવેલ છે.

જેથી આવા વ્યક્તિ/ ઈસમોની આ પ્રકારની પ્રવૃત્તિ પર પ્રતિબંધ મુકવા જાહેરનામું બહાર પાડવું આવશ્યક જણાય છે.

હુકમ

આથી હું સી. કે ઉંધાડ (જી.એ.એસ.), અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, નર્મદા-રાજપીપળા, ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૭(૪) તથા આમુખના હુકમથી મને મળેલ સત્તાની રૂએ જિલ્લામાં આવેલ તમામ સરકારી કચેરીઓ ખાતે કોઈપણ અનઅધિકૃત ઈસમો કે ઈસમોની ટોળી દ્વારા સદરહુ કચેરીઓમાં આવતી જાહેર જનતાને ગેરમાર્ગે દોરી પૈસા પડાવવા જેવી ગેરકાયદેસર પ્રવૃત્તિ કરવાના ઈરાદાઓ ધરાવતી વ્યક્તીઓના ઉપરોક્ત કચેરીઓના મુખ્ય દરવાજાની આસપાસના ૧૦૦ મીટર ત્રિજ્યાના વિસ્તારમાં ઉભા રહેવા પર તેમજ સદરહુ કચેરીઓમાં પ્રવેશ કરવા ઉપર પ્રતિબંધ ફરમાવું છું.

અમલવારીનો સમય

આ જાહેરનામું તા.૧૮/૦૮/૨૦૨૫ થી તા.૩૧/૧૨/૨૦૨૫ (બંને દિવસો સહિત) સુધી અમલમાં રહેશે.

શિક્ષા

આ જાહેરનામાનો ભંગ કરનાર વ્યક્તિ ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ - ૧૩૫ તથા ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ની

કલમ-૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર થશે. આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો વિરૂધ્ધ ફરિયાદ દાખલ કરવા માટે જે-તે સરકારી કચેરીના વડા તેમજ નર્મદા જિલ્લામાં ફરજ બજાવતા હેડ કોન્સ્ટેબલ તથા તેનાથી ઉપરી પોલીસ અધિકારીશ્રીઓને અધિકૃત કરવામાં આવે છે.

નર્મદા-રાજપીપળા તા.૧૪મી ઓગસ્ટ, ૨૦૨૫.

સી.કે.ઉધાડ,
અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ
નર્મદા - રાજપીપળા

વંચાણે લીધું

અત્રેની કચેરીના હુકમ ક્રમાંક: પીઓએલ/જાહેરનામું/વશી/૫૩૦-૫૪૯/૨૦૨૦, તા.૨૫/૦૨/૨૦૨૦

જાહેરનામું

ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૭(૩) અન્વયે કાઢેલ.

ક્રમાંક: એમએજી/જાહેરનામું/વશી/૧૦૧૨૫ થી ૧૦૧૫૯/૨૦૨૫-નર્મદા જિલ્લામાં નાગરિકો/સંસ્થાઓ જિલ્લા કલેક્ટર કચેરી તેમજ જિલ્લા/તાલુકાની અન્ય કચેરીઓ ખાતે પોતાની વિવિધ માંગણી/રજુઆતો માટે સમૂહમાં આવતા હોય છે. આ પ્રકારની રજુઆતો દરમ્યાન સંબંધિત કાર્યરત કચેરીઓ ખાતે અધિકારીઓ/કર્મચારીઓ તેમજ કચેરી ખાતે કામ અર્થે આવેલ નાગરિકોના વિવિધ કાર્યો તેમજ તેઓની શાંતિ અને સલામતિ-જળવાઈ રહે, સૌહાર્દપૂર્ણ માહોલ બની રહે તેમજ કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે માટે જરૂરી નિયંત્રણો મુકવા જાહેરનામું બહાર પાડવું આવશ્યક જણાય છે.

હુકમ

આથી હું સી.કે.ઉધાડ(જી.એ.એસ.), અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, નર્મદા-રાજપીપળા, ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૩૭(૩) તથા આમુખના હુકમથી મળેલ સત્તાની રૂએ જિલ્લા સેવા સદન, નર્મદા તથા જિલ્લામાં આવેલ સરકારશ્રીના વિવિધ વિભાગની અન્ય તમામ કચેરીઓના કંપાઉન્ડ વિસ્તારમાં નીચે મુજબના કૃત્યો કરવા પર પ્રતિબંધ ફરમાવું છું.

(૧) સંબંધિત સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટશ્રીની પૂર્વ મંજૂરી વગર કોઈપણ પ્રકારના પ્રદર્શન, ધરણાં, ઉપવાસ, રેલી વિગેરે પ્રવૃત્તિ કરવા પર.

(૨) કોઈપણ પ્રકારના માઈક સિસ્ટમ/ડી.જે. નો ઉપયોગ ઉકત કચેરીઓ ખાતે કરવા પર.

(૩) ઉક્ત કચેરીઓ ખાતે રોજીંદી કામગીરીમાં અધિકારીઓ/કર્મચારીઓ/અરજદારો/કચેરીના મુલાકાતીઓ વગેરેને અસુવિધા ઉત્પન્ન કરવા પર.

(૪) ઉક્ત કચેરીઓ ખાતે શાંતિ સલામતિ અને સંવાદિતા જોખમાય તેવા સુત્રોચ્ચાર કરવા પર.

અપવાદ

આ હુકમમાંથી સરકારશ્રીના વિભાગો/કચેરીઓ દ્વારા આયોજિત કરવામાં આવનાર કાર્યક્રમો/રેલીને મુક્તિ આપવામાં આવે છે.

અમલવારીનો સમય

આ જાહેરનામું તા.૧૮/૦૮/૨૦૨૫ થી તા.૦૧/૦૯/૨૦૨૫ (બંને દિવસો સહિત) સુધી અમલમાં રહેશે.

શિક્ષા

આ જાહેરનામાનો ભંગ કરનાર વ્યક્તિ ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ - ૧૩૫ તથા ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ ની કલમ - ૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર થશે. આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો વિરૂધ્ધ ફરિયાદ દાખલ કરવા માટે નર્મદા જિલ્લામાં ફરજ બજાવતા હેડ કોન્સ્ટેબલ તથા તેનાથી ઉપરી પોલીસ અધિકારીશ્રીઓને અધિકૃત કરવામાં આવે છે.

નર્મદા-રાજપીપળા તા.૧૪મી ઓગસ્ટ, ૨૦૨૫.

સી.કે.ઉધાડ,
અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ
નર્મદા - રાજપીપળા

Signature Not Verified
Signed by : KAPADIYA ANANDKUMAR DAHYABHAI
Manager
Government Press & Stationery, Vadodara
Date : 2025.10.15 10:18:29 IST